મારો પાવન કરીએ પલંગ, પ્યારા પ્રાણનાથ પધારી,
રમ્યા રસીક, રસીકાથી રગ, વીરહ દુખનાથ નીવારી.
આજ ઊપજી શીતળતા અગ, મને સ્વામીનાથે સ્વીકારી
શરદરૂતુ સોહામણી, પુરણ ચંદ્ર પ્રકાશ
મંદપવનની લહેરમાં, વ્હાલા વીલાશો છો વીવીધ વીલાસ
અતરપુરમાં એકલા, છાનાં રાખું છેલ
આવીને રતીપતી તમે, રમી રસીક કરો રંગરેલ
તનમન ધન અરપણ કરી, રજન થઇ દીનરાત,
હાજર રહીશ હજુરમાં, પ્રભુ અવર પુરૂષ ભ્રાત તાત.

૧૨૩ ચં૦

ડરમાં તું દીલ સાથ, છોકરા ડરમાં તું દીલ સાથ
તુને કોઈ ન મારે લાત—છોકરા
(તુને સભાળું પ્રીતીથી પાળુ) ચાલ તુને મારો મહેલ દેખાડું,
ઘરેણા વસ્ત્ર રૂડાં રૂડાં કહાડુ, ચાલ તુ જો મારા મહેલનાં ચીત્રો
રમકડાં રૂડાં ન્યારા વીચીત્રો, ચાલ્યો આવ, બોમાં ચાલ હું ભેળીછુ
મારે કેવાં છે કંકણ હાથ જોજે મારે કેવા છે કંકણ હાથ—છો૦

૧૨૪ ચં૦

તમે માયાળું દીલ દયાળું સઊના કહ્યા વીના હુ નહીં આવું,
માતપાતાં તમ ભ્રાતા કોપાવું, વીષ્યાજી એ હુ સમ કહાવું,
નાના નહીં હું ત્યાં નહીં આવું, મને સતાવોરે
જાઓ તમારે મારૂં શુ કામ છે તમે મુકો મારો હાથ—કહુ છો૦

૧૨૫ અબરીષ

ચંપા તું મારી દીલજાન વાહ વાહ, કુસમ કળી કુરબાન વાહ વાહ
ચંદ્રવદની છો, ભરો મદની છો, ઝરી રસની ગુલતાન વાહ વાહ ચં
શાણા ચતુરસુજાણ વાહ વાહ, કરી પ્રીતી પીછાણ વાહ વાહ
ગુલાબ પરી હું—છુપી છરી છું, ગલે લગાવે ગુણવાન ચંપા

૧૨૬ અંબરીષ

મોહનજીને મળવા તલપે મારૂં ચીત્તરે—મોહન
પ્રેમની આંખો, પ્રેમની પાંખો, પ્રેમના ગાઉં મુખે ગીતરે -મોહન
—સાગર સંગે સરીતા ઊમગે, મળવા દોડે ધરી પ્રીતરે—મોહન
પ્રેમે મળશું, જ્ઞાનમાં ગળશું, વેળા વળીશું હયાં ખચીત્તરે—મો.

૧૨૭ અંબરીષ

હરી પ્રેમે પય લાવીછું નાથ હાથ ધરજો,
ભાવ ધરી ભોગો હરી હું—કીકરી લાવીરે
ના વીસરી જશો હરી ટેક ખરી છેક,
ગોવીંદ વીણુ ગોપી જેમ ઘેલડી,
તેમ હરી પ્રેમ ભરી વીયોગી વેલડી,
છુ બીહારી હું તમારી લ્યો સભાળી આ ઘડી નેક,
પય લાવી હું પ્રીતથી, હરી લ્યો હાથો હાથ,
ભકતી ભાવે ભેટજો રૂડા રૂક્ષમણી નાથ.

૧૨૮ અનસુયા

આંખ વીના અધારૂં રે સદાય મારે આંખ વીના અધારૂં રે
કોઈ કેશે લાલ લીલું, આ ધોળુ ને આ પોળુ
મારે મન સઘળુ કાળું કાળું રે (૨) સદાય
કોઈને જગ લાગે સારૂં, કોઇને લાગે નઠારૂં,
મારે મન જીવતર ખારૂ ખારૂં રે-સદાય૦

૧૨૯ અનસુયા

નરવીણુ જગમાં નાર તણી કીમત કોડી કહાવે
હલકું લોહી ગણી અબલાનુ જુઠા આળ ચઢાવે—નાર૦
વ્હાલા પણુ વેરી થઈ જેને જેમ ફાવે તેમ બોલે,
કંથ વીનાની કામનીનુ જીવતર તરણા તોલે—નાર૦
કુડ કપટની ભરી કુલટાઓ લાલચ દઇ લલચાવે
ભવરણમાં ભરથાર વીના ભામાની લાજ લુટાવે—નાર

૧૩૦ અનસુયા

મારે મંદીર પધારો યોગીરાજ મહારાજ,ભોજન કરાવું મન ભાવતાં
ઘેબર ઘારી જલેબી શીરો સુખડી,મોતીચુર ને મેસુર,ભાગે ભુખડી
તળું તતબીરે કાચલી વડી તમ કાજ—ભોજન૦
નેટે નીપજાવું શાક ભાત ભાતનાં. રૂડાં રાઈતાં બનાવુ જાત જાતનાં,
અતી જુગતીથી પીરસું પ્રીતે ધરી આજ—ભોજન૦

૧૩૧ વ૦ પ્ર૦

મૃગનયની યુવતી રંગીલી હાં છબીલી હાં
શોભતી મધુરી શી શીયલવંતી-મૃગ૦
સોળ સજી શણુગાર સતીએ પંથ પીયુનો જોતી.
રશ ઝરણું નયણું હરખે
રતી સરખી મનગમતી રસીલા—મૃગ૦

૧૩૨ વ૦ પ્ર૦

જાઓ વ્હાલાને વેગે વધાવો,માથે પહેરાવો પુલથી છાઓ
અંગે અંગે પુલોના વાઘાથી સજાઓ—જાઓ૦
કુસમ સમી કાય ત્યાં પૂષ્પ સોહાય,
સીયલવતી છો સુગંધી સંસાર જો ફેલાવ
રતી પતી છો સુગંધી કુસુમોની કુંજે સોહાવો

૧૩૩ વ૦ પ્ર૦

મ'નો માનો ને રશીલા, આતો ન સારી વાત,
છેક આમ શુ કરો છો, બોલાવો જાઓ તાત—માનો૦
રશીલી પ્રેમ પાન અમૃત તે જીવાએ,
હાજી પ્રેમ વાટ જાવું છું પ્રોયા,
કટાક્ષે વી ધાઈ કેદી થઈ રહયા,
વીતી જાય રાત વાતે નાથ શું ઘેલા થયા —માનો૦

૧૩૪ વ૦ પ્ર૦

સીતા પતીનું નામ પ્યારૂ અમને લાગે સારૂં રે—સીતા૦
માયા તણું સમણું ઉડી ગયા હારે, કીધું જગત જુદું ન્યારૂં—અ.
સાચા સ્નેહીને આજે ઓલખી લીધો, ઘટમાં થયું અજવાળું—અ૦

૧૩૫ વ૦ પ્ર૦

શ્રી રામચંદર રઘુવીર
શ્રી સીતાપતી ભજી લેને મન અવસર આવો એળે વહી જશેજી.
ખીલી વસંત છેલા ખીલી જુવાની છેલા,
ખીલી વસંત તેવી ખીલી પુલવાડી બાળા
પ્રભુને શણુગારી લે મન લ્હાણુ—સીતાપતી
રમણી રૂપાળી હેતે હઇએ ધારી વ્હાલા,
પીલે અધરામૃત રશ પાન
નાથના અનાથને એ અંતર ધર પ્રીતે બાળા,
કરી લેને કાયાનું કલ્યાણુ— સીતાપતી

૧૩૬ કામલતા

મને આવે છે ફેર જુલે મારૂં મન હો—સખી
બેસુ રથમાં શી પેર જુલે મારૂં મન હો—સખી
—ફેરૂ ચઢો કોઈ કારમી ફુસુમ જુના બેન, બાવરી મને કરી,
ક્યો વીસામો સુંદરી, ઝીલો આ લ્હેર—જુલે મારૂં મન

૧૩૭ કામલતા

તમારે આશરે હું આવી મને નાથ છોડી દેશો ?
પ્રીય પ્રાણુ કરી બોલાવી હવે હાથ છોડી દેશો ?
ભોળું હતું કુંવારૂં જયારે આ મન મારૂં
પ્રેમ જોત પ્રગટાવી પરણ્યા, એ શુ વ્હાલા વીશારી દેશો...મને

૧૩૮ કામલતા

પીયુ પરદેશીને કહેજો પ્રણામ અમારા પ્રણામ અમારા
કહેજો કે ગઈ તુજ દારા—પીયુ પરદેશીને
કહેજો મને તજી દીધી તેમ બાજીને તજશો નહો
કોઇ પ્રીતી વશ અબળા બીચારી ભોળીને ઠગશો નહી
કહેજો તને સભારતી વીષપાન એ કરતી હતી
છેલ્લો નીકળતાં શ્વાસ તારૂં એ નામ જપતી હતી
કહેજો કે દાસી થઇ અન્ય જન્મમાં સેવીશ પીયુજી
કોમળ ચરણુ તમારા...પીયુ૦ ૧૩૯ કામલતા

રસ ભરયુ આ જોબન જાય રસીક રંગીલા વીના
અંગ ભરયા આ રગ સુકાય રગી રંગીલા વીના
સાખી—સુંદર બાગ શરીરનો ખીલ્યો છે નવરંગ
અંગ પુવારા ઊડતા માળી જયાં અનંગ
પુલ પ્રેમ રૂપી કરમાય ખીલાવે કોણ, ભોગીલા રંગીલા વીના...૨

૧૪૦ ગઝલ

દુખી સ્થીતી થઇ મારી રૂદન શું મળે વારી
વ્યથા ગઈ સરવ બાજીજી મલી ગઈ ધુલ સઉ બાજી
સબંધી મીત્ર સઊ નાઠા બન્યા બહુ કરૂરશી આશા
મનુષયની મદદ એવી દીવાનો રેનની જેવી
વીપતો શીર ભલે આવો દુખો સઉ ત્રાશ ઊપજાવો
નથી ડરતો કશાથી હું મરણુથી ત્રાશ વધતો શું
હઠો આવો ન મુજ પાસે જગત સઉ સ્વારથમય ભાસે
હરીશું શરણુ તારે ભવાબોધથી ઉગારી લે,

૧૪૧ રામરતન

જાઓ સોની હાટે સીધાવો સલુણા જાઓ
આવો શાને માટે રીસાઓ સલુણા આવો,
લાવું મારી મીઠડી માટે કંઠો મન મોહન ઘાટે
વ્હાણુ વાશે વાલમ વાતે પલોથોઓ પ્રીતમ વાટે
જાઓ જાઓ ઝટ લાવો આવો ઝટ, ધીરાં અધીરાં ન થાઓ...જા૦

૧૪૨ નં૬૦

સખી ખોલ ઘુંઘટડો, છોડને છેડો, વાહ શું મુખ મલકાય....સ૦
વાહલા સંગે રમી લે રંગે મદમાતું આ જોબનયું છલકાય
શરમે બાઈ હું બોડાઈ, કયાંથી સ્વારથ સરાય,
ચબાબલી તુ ચડમાં, લાડકી લડમાં, અંગે અંગ ઊભરાય...સ૦

૧૪૩ ભ૦ ભા૦

ગોરા ગાલો ગુલાબી પ્રેમ રંગ રંગાશે, ઝલકાશે છલકાશે
પ્રીતી આનંદે હસતે મુખેરે છવાશે...ગોરા
ચંદા ખીલે ત્યારે કુમુદ વીકસે આનંદ રેલી રેલાવ
આનંદ ભરતા, અમૃત ઝરતાં, વીશ્વ વીહરતાં સુખીયાં થાતાં . ગો

૧૪૪ ઊદયભાણુ

વન વગડામાં ભુલી પડી, ત્યા અમૃત પ્યાલો પાધો રે
પીધો લીધો સાર સૃષ્ટીનો, કોલ અમર ત્યાં કીધોરે....પથી
અધવચ વગડે વીછું કરડયો, ઝેર ચઢયું છે અંગેજી,
કોઈ મુરલીધર મંત્ર ભણે તો, શીતળતા થાય સંગેરે....પંથી
દુનીઆ મારી ચેષ્ટા કરતી, ને ગાંડામાં ગણુતીરે,
હું ગાંડી કે દુનીઆ ગાંડી, આપ કરી દયો ગણુતીરે....પથી

૧૪૫ ક૦વધ

છેડ કીધી છબીલે છેડ કીધી,
અરેરે ધુતારે, ઠગારે એ કપટી કાનુડે ..છેડ
જળ ભરવા ગઈતી હું જમુનાજીને તીરે,
ભરી બેડું નીરે ધરી મારે શીરે, ચાલી ધીરે ધીરે
ઓય ..ઓય....કાનુડે કેડ લીધી.
કેડ લીધી એ નકટે....કાનુડે પાલવડે મને પકડી
હું છટકી ત્યાંથી દોટ દીધી...અરેરે

૧૪૬ દેશી

હો કનઈયાજીરે અમને તોહન માયા લગાડી અલબેલા.
વનમાં વેણુ વગાડી અલબેલા.............હો.
બસીબટ પનઘટ નીકટ, ત્રટ યમુના યદુવીર,
નાચે નટવર નંદના હરી હળધરના વીર.
લીલી લવીંગલતા શોભતીજીરે...............
લીલાં વન વૃક્ષ વેલ વાડી સોજીરે, મારા વાલાજી
ચાલો સખી જઇએ ત્યાં જયાં વરજરાજ
નીર ભરતાં પ્રભુ મળે એક પથ બે કાજ
રસીયાજી રાસ રમાડો અમને રસીયાજી રાસ રમાડો
સમીરે સંધ્યાની આવી સરખી સાહેલી.
આનંદે અંગે પમાડોરે અમને રસીયાજી રાસ રમાડો
બંસીબટ સમ બટ નહી, નંદધામ સમ ધામ
વરંદાવન સમ વન નહી, કૃષ્ણ નામ સમ નામ
કા'નાજીને માથે મણી જડયા મોળીયાંરે..........
તારા મોળીયાનો બડો બડો ઠાઠ ખમા, ખમા, રૂપાળા કાનને
કા'નજીએ પીળાં પીતાંબર પેરીયાં, ...
કાનજીને કુંડલ હઈયે હાર, ખમા, ખમા, લટકાળા કાનને.
હો કનઈયાજીરે............

૧૪૮ દેશી

ગોવીંદ ગુણ, ગાવોરે નરનાર
ગીરધર શ્રીધર, શ્રી મુરલીધર.
નામથી નેહ લગાવો-હા નેહ લાવોરે....નરનાર
મારૂં તારૂં મીથ્યા માની, કૃષ્ણ કૃષ્ણ કહે જાવોરે રે૦
અધમ ઉધારણ ભવજળ તારણ
નીરભય નામથી નાવોરે ભય નામથી જાવોરે, રે૦

૧૪૯ કાંકડો કીતુરો

ચાહ રાખી ચીતમાં દીલ જાની, ના જાઓ તજીને મુજને
વીલાયત વસાવી ઝટ વહેલા આવજો જીરે
દીલના દીલદાર પ્યારા હઈયાના હાર મહારા
દાદગર આપે તુને યારી
જુદાઇના આગે વ્હાવા દુખ દીલ લાગેરે
અકલાવા દીધા મને ભારા

૧૫૦ દેશી

વારે લાલાં મોહન બંસીવાલા,
ઠગો છો શાનેરે સલુણાં.
જાણી જાણી તમારી મેં ઠગાઈ,
પ્રીત બાંધી હવે હું પસ્તાઈ,
પસ્તાઈ પુરી કાના ઠગાઇ હું તો કાના,
રશ ભીના રંગીલા શરમાળા શામળીયા—વારે૦
શાને સતાવો વાત વાતે ઉડાવોરે,
મેં જાણ્યા સરવે ચાળા અરે જાવો નંદલાલા.
વરજલાલા ગોવાળા છબીલા છોગાળા,—વારે૦

૧૫૧ દેશી

સખી સ્વપ્ન મહી મનમોન મેં નીરખ્યા એકાન્ત વીશે શયને,
શરમાઈ રહી રતી નાથ મદે મુખથી નહી કાંઈ બોલાવ અરે,
વીનવે અતી વલ્લભ વ્હાલ ધરી નવ ઉત્તર મુખ અપાય જરી,
નીચું જોઈ રહી દ્રગ પ્રેમ ભરી ખણુતી પૃથ્વી નીજ પાય અરે,
કર સાહી રસીક રૂદે વળયા કરતાં બળશે ન થયાં અળગાં
તુટી હાર ગયો એ રકઝકમાં કસ કુંચકીની છુટી જાય અરે,
છુટી કેશ ગયા વીખરાઇ અરે ગઈ દેહ કળી કરમાઇ અરે.
ગયાં સ્વેદથી વસ્ત્ર ભીંજાઈ અરે પણુ નાથ થયા નગણા
મનથી મન શેજ ગયું પીગળી જેમ સાકર દુધની સંગ ભળી
કીધા ભોજન નાથની સાથ મળી, મુખવાસ સુવાસ અપાય અરે,
મુખ તાંબુલની પોચકારી ઉડીરે અચાનક નાથ અંગપડી.
સખી તે રજની, અને તેજ ઘડી રસીયો રીસલાવી રીસાય અરે
શજી શસ્ત્ર, મરીર શું અશ્વ ચડી રણુજાય પીયુ અરે હુંથી લડી
સખીઓ વીનવું તમ પાય પડી કરો જે રીત નાથ, મનાય અરે.

૧૫૨ ફાંકડો ફીતુરી

જોઇ જગત જોઇ દુનીયા જોયો કારોબારરે
આંખો બંધ રાખી તેને ખોયો સરવે સારરે
યત્ન યુક્તીને અંગ બળે બસ ભરો ખજાનો યાર
પ.સા એવા ફેકીયે કે પડે સદા પઓબારરે
સુખ દુખની હસ્તી કેવી એ ખયાલી મનના ફેર
કોશીશોથી મોજ કરો ને કરે દુખને જેર

૧૫૩ દેશી

શામળીયાજી કરજો મારી સહાયરે
વ્હાલા ગરૂડે ચડીને વેલા આવજોરે.
સ્યામ શલુણા સુભદ્રાના વીરરે
આ દીન બાળાની લાજ દયાલુ રાખજોરે
છોગાળા છે વાત છેલી નથી કોઇ મારૂં બેલી,
વા'લા તુજ ગુણુની ઘેલી દાસી દુખડાં ડુબેલી,
દુ:ખની દાદરે ફરીયાદ અંતર લાવજો.
કૌરવકર્મ ચંડાળ દુશાશન નીદય અરે,
જોતાં પાંચ ભર્તાર પાપી પટકુળ તાણતો,
વા'રે આવોને દયા દીલ લાવોને.
નાથ છું અનાથ નારી ભરૂસો છે ભુદર ભારી,
જેવી તેવી છું ત'મારી વા'લા દેશો ના વીશારી.
હેતે હળધરજીના વીર આજી ઉગારજોરે

૧૫૪ દુખીઆરી

ચલે આઓ મેરે હમરાહ ડીયર આહીસ્તા આહીસ્તા
કે હુએ સ્કુલ અબ બીલકુલ નીયર આહીસ્તા આહીસ્તા
ઓ જોની કમ લોંગ ઉવીથ મી
ઓ જોની કમ લોંગ ઉવીથ મી
ઇફ યુ ઉવીલ નોટ કમ ઉવીથ મી
આઇ ઉવીલ ગેટ એંગ્રી ઉવીથ યું
એન્ડ બ્રેક ધી લો ઓફ મેરેજ
એન્ડ ઓલ કનડીશન્સ ટુ
હુવા ખાવી હસે મય અરદલી આહીસ્તા આહીસ્તા
મુઝે રસ્તેપર અપને લે ચલી આહીસ્તા આહીસ્તા
ઓ જોની આઇ ઉવીલ કમ ઉવીથ યુ
ઓ જોની આઇ ઉવીલ કમ ઉવીથ યુ
ઇફ આઇ ઉવીલ નોટ કમ ઉવીથ યુ
પરહેપસ યુ ઉવીલ મો કીક
એંડ સો ઇટ ઇજ ધી રીઝન વેટે આઇ મે ગેટ એ સીક

યમ—શા માટે શ્રમ કરે સતી તુજ પતી ભકતી સાચી. (૨)
હવે પુત્રી વળ તું પાછી, (૨)
સાવીત્રી—સજ્જન કેરા સાથમાં મે ડગ ભરીયાં સાત;
મીત્ર ભાવે સુણુજો હવે દીન વનીતાની વાત.
ધર્મજે વેદ પુરાણોભણીયો મુખ્યધર્મ ગ્રહસ્થાશ્રમગણીયો
પ્રાણુનાથ શું રહી વરતી રાચી. (૨)
વહું મહારાજ ક્યમ પાછી. (૨)
યમ—સુણી વીવેક ભરી મૃદુવાણી થયો પ્રશન્ન અતીમન શાણી
સત્યવાનનાં જીવીત વીનાં કાંઈ ઈચ્છીત વરયાચો (૨) હવે
સાવીત્રી-મહારાજ ! (મારા અંધ સાસુશ્વસુર આંખે દેખતા થાય.
યમ—(તથાસ્તુ) ભાગ્યવતી તુ અતી દુર આવી,
માય કોથી મીથ્યા નવ ભાવી—શા માટે
સાવીત્રી-પતી સમીપ શ્રમ નહી જરી, જયાં જાએ મમ નાથ.
તપવરત આપકૃપા વડે ત્યાં આવુ તમ સાથ........
સંગત સજ્જન તણી નથી સોંઘી મઈત્રી સતપુરૂષની મોંઘી
કૃપાનાથ મમ પ્રાણુનાથ શું રહી વરતી રાચી (૨)
વહું મહારાજ
યમ— અર્થ યુકત સંભાષણ તારૂં બુધ્ધીમાં વરધી કરનારૂં
સત્યવાનના જીવીત વીના કાંઈ ઇછીત વર યાચી—હવે
સાવીત્રી-"મહારાજ" (મારાં બુધીશાળી સસરાજીને પાછું રાજ્ય
પ્રાપ્ત થાય.
યમ— ("તથાસ્તુ") ઉત્તમ વર બે આપ્યાં ભાવે,
હજી પ્રેમદા પુઠળ આવે-શા માટે
સાવીત્રી-સુપાત્ર જન કરતાં કદી સુપાત્રનું સન્માન
સાધું તો દુસ્મન તણું પણ સાથે કલ્યાણ,
સતપુરૂષોની સમાન દ્રષ્ટી દયા તણી વરસાવે વૃષ્ટી
કૃપાનાથ મમ પ્રાણુનાથ શું રહી વૃત્તી રાચી (૨) વહુ
યમ— શીતળ વચન સુધાસમ તારાં લષા લષાતુરની હરનારાં
સત્યવાનના જીવીત વીણ કંઈ ઈછીત વર યાચો-હવે
સાવીત્રી-"મહારાજ" (મારા પીતાના કુળની વૃધી કરનાર મારે
સો ભાઈ થાય,)

(તથાસ્તુ,) સાસરીયાનું માન વધારયું,
પીયર તણું પણ સુધારયું—શા માટે
સાવીત્રી–પરદુ.ખે દુખીયા ,મને દુખદ હૃદયે વીશ્રામ.
ભરૂસો તારે સંતનો ઠરવાનું શુભ ઠામ.
સ્વજન માંહી વીશ્વાસ ન લાવે સજનઘર પુછતું સહુઆવે
કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહી વતી રાચી (૨) વણું
યમ—મધુરાં નવીન વચન સંભળાવ્યા અતીશય તે મારે મન ભાવ્યાં
સત્યવાનનાં જીવીત વીનાં કાંઇ ઇછીત વર યાચી (૨) હવે
સાવીત્રી—"મહારાજ" (મને મારા સ્વામીથી ઓરસ સો પુત્રથાય)
યમ—(તથાસ્તુ) ઘટે ન થાવું અતીવર લોભી,
તજી પુઠ હવે જા અહીથેભી—શા માટે
સાવીત્રી—સ્વધરમ વ્હાલો સાધુને જે ચુકે નવ લગાર,
સાંપ્રત ભુત ભવીષ્યની ગતી તણા આધાર,
સજન ફરે ન આશા આપી બોલ્યુ અબોલ્યું ન કરે કદાપી
કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહી વતી રાચી (૨) વણું
યમ –અમુલ્ય તારા વચન વીચારી વાધે તુજમાં ભકતી મારી,
ભગવતી છેલ્લું ઉત્તમ અનુપમ ઇછીત વર યાચી (૨) હવે
સાવીત્રી—પુત્ર તણું મુજને દીધું પ્રભુ આપે વરદાન.
જીવીત દાન દઇ જીવનને સત્ય કરો ભગવન.

૧૫૬ સાવીત્રી

એ... રજની શરદની રળીયામણીરે,
રહી ખીલી રૂપાળી ચંદની, આકાશે રહી ખીલી,
એ....વષી વરસાવે અમૃત તણીરે.
રેલ જામી ઉરમાંહી આનંદની હાંહાંરે રેલજામી.
એ....ઠરે નયણાં નીહાળી પ્રકાશ, (૨)
હરષ ઘેલાં હેડાં કહે હાશ ઝલક શ્વેતશી છવાઇ (૨)
ચંદ્ર વીના સજની નહીં રજનીને શન્માન.
સજની શું સમજી કરો રજનીના ગુણગાન.

૧૫૭ સાવીત્રી

હું નથી એવી ભોળી (૨) હવે તો રહીરે—હું.
પાવરધી થઇ પુરી મારી જોડ જડે ના ખોળ.—હું
નીત્ય કજીયા કકાસ કરી ઘરમાં સળગાવું હોળી—હું
"પ્રસંગ આવે પરખાશે બાઈ તુ ધળભુ કે ગોળી"
ભલે ભાયડો ભીખ માગે ખાંધે ભેરવ જોળી.
આપણે તો બાઈ ઘીમાં જબોળી ખાઇએ ખીરને પોળી

૧૫૮ સાવીત્રી

ઉભો ઉભી જોઉં વ્હાલા તમારી વાટડી,
દેપી રૂપ હરખ ભરાય-મારી છાતડી-ઉભી
દયાનીધી દેવે આપી છે યુવાની,
નીરખી નગીના બનીછું દીવાની,
આનંદે ગાળીશું દીન રાતડી—ઉભી.

૧૫૯ સાવીત્રી

લાગી લગની મને તારી એ લલના—લાગી
સુંરપતી મતી શું વીસારી
સુંદરી શચીથી અધીક સુખ આપું (૨)
પટરાણી કરી સ્થાપુ ઉથાપું ન વચન મનોહારી—એ

૧૬૦ સાવીત્રી

આવો આવો હુ લેવરાવું લ્હાવો મારા સસારનો
થયો આજ અનુભવ ભવપારનો
તમારા વીના વ્હાલુ નથી કોઈ મારે
તે માટે કરૂં પુજા તમારી પેજારે

(આતો બાયડી કે શાયડી)

(શાયડી ! શાયડી ! શાયડી)

દીઠો માલ શું મફતીઓ બજારનો
આ મારા સંસારનો—આવો આવો

૧૬૧ સાવીત્ર

ઓ સહીયર સુણો શીખામણ સારી
સદા કરો સંગત જોઈ વીચારી-ઓ
કુસંગ કાજળ કોટડી કુસંગીનું મુખ શયામ
દુરજન કેરા સંગથી થાય નામ બદલામ
જડી જેને સોબત જગમાં નઠારી
ગયું તે તો આ ભવ, પરભવ હારી—ઓ.

૧૬૨ અમરત

સારી શેખી સારી આનતાન
અબતો હય જુરૂર કોઈ દીનકી મેહમાન મેરે આયે હુ કરે જબાન
કયા મજાલ હય કીસીકી, કયા કીસીકી જાન
જીના કયસા નામ ઓર નીશાન
આલશી ફરેબસે મીટાઊં બનકે આસમાન, પીકો તેરે કરકે બદગુમાન
ખાકમેં મીલાઉ એ વફદારી.

૧૬૩ શહીદે નાજ

ગોરી તેરા ગોરા રંગ હય બીન સીગારકે આલા
મન છીને જોબનવા બાલા,
બાતેં નીરાળી, ઘાતે નીરાળી, નખરા તુમ્હારા નીરાલા,
ચુપ બે કીસકો કહાં ! મુજકો કહાં ! ઈનકો કહા !
બરછી નજરીયા આંખ કટરીયા
કદ હય સીપાહીકા ભાલા, કયસી કહી,
જાઓજી બનાઓ મત, ઘતીયાં દીખાઓ મત,
ના જોસે ભરીહો દુનીયાકી પરીહો,
નયનોને સયનોને તેરે ટોના ડાલા, તુમ પ્યારી હો-ગરમ મસાલા

૧૬૪ કંસ વધ

અમને પાવન કરવાને, દીલના દુખડાં હરવાને યોગી આવજો
શાંતી જળ મન ભરવાને યોગી આવજો
માયા રાખી મહારાજ-યોગી આવજો
દરશણ દેવાને કાજ—યોગી આવજો
ચરણ કમળ નોશદીન મુજ મંદીર અંદર ધરવાને,
કમળ વદનથી મનહર મધુર વચન ઉચરવાને,
શાંતી જળ મન ભરવાને—યોગી આવજો

૧૬૫ કંસ વધ

જુમનાને તીરે જાદુવાલે, સખી બંસરી બજાવી-હાં હાં
નંદલાલે વાલે ચીત્ત ચોરી મને બાવરાં બનાવી
ભુલાવી મારૂં ભાન સાન કાન ગયો હાં હાં
મને મોરલીયે મોહ ઉપજાવી--જુમનાને
સુંદર છબી જોઈ છેલની ઉપજી અંતર પ્રીત
નટવર ગીરધર સ્યામમાં ચોટશું મારૂં ચીત્ત.
નયન નેહે નચાવ્યાં વાલાડે સખી મુખ મલકાવી,
છુપી છુપી છબીલે કરી સાન મને લીધી લોભાવી.
ન ભાવે ખાનપાન નીંદ ન આવે હવે,
લગ્ની લાલાએ પ્રેમની લગાવી,
વીરહ થકી વીંધાયલું અંતર અતી અકળાય,
અળગો રહયો અલબેલડો, શું કરૂં સખી ઉપાય—જુમના

૧૬૬ કંસ વધ

મુજને માર ના સમશેર—વ્હાલા વીર તું,
મારી સંગે શું છે વેર–વદને વીર તું.
મીઠાળ જોઇ કર તું મહેર, આશા ભરી જતી હું ઘેર—તક જો
જો ઈશ્વર વસે ચોફેર, ના કર કંસ કાળો કેર—ડરને વીર તું.

૧૬૭ કંસ વધ

કાનુડા તારી કામણુ કરનારી, વ્રજમાં વાંસલડી વાગી,
મીઠી વળી મોહક મન વશ કરનારી—વરજમાં
મન વશ કરનારી સ્વર સુણુતાં લાગે સુખકારી,
હુ ઘેલી, તમ વીણુ થઈછું ગીરધારી—વરજમાં

૧૬૮ કંસ વધ

વારો વારો કુંવરજી કાનુડો તોફાની તેને, નંદરાણી તમે વારજો
માજી બાળકને શું મોઢે ચડાવો.
સુત શામળીયાને સમજાવો—સમજાવો—વારો વારો.
ઘરમાં ઘુસીને ગોરસ ખાતો, તાવણુને તડફડ દે લાતો,
કહું શું વાતો ખુણે ભરાતો લાગ જોઇ છાનો છટકી જાતો—શા૦
વખત વીનાં વાછરડાં છોડે મટુકીયો દુધની ફોડે
પેસી રસોડે—તાવડી તોડે
દોટ દઈ કાનો દડબડ દોડે—શામળીયાને૦

૧૬૯ કંસ વધ

રમીયે આનંદમાં, હરી સંગમાં, રહી રંગમાં,
બંસી નાદ સુણી સુતી જાગી નીંદ બીક ભાગી,
રૂડી ચાંદની પ્રકાશી શરદ પુનમની, (ભીંજી પ્રેમ રસમાં—રમીયે
રંગે રાસ ખેલો સંગે સુંદર શ્યામની.
સુખદ સંગ શ્રી કૃષ્ણનો, સુખદ શ્રી વૃજ મન,
સુખદ શરદની ચાંદની સુખદ સફળ જીવન -રમીયે
આવી આજ કરમાંહી નવલ કુસુમ કળી,
રહેજો લાલા ભારમાં રશના લેતા છળી
પ્રીતમ સ્પરસ થતાં સર્યું દેહતણું અભીમાન,
વીસરી હું પોતા તણું. ગોવીંદમાં ગુલતાન.
આવો આવો ને આજ રસ ઝીલીએ
રંગે રમીયે મળ્યા મોહનજી
આશો ના અળગા ઘડી જગજીવનજી
રસે ઝીલીએ રંગે રમીયે મળ્યા મોહનજી—રમોમે

૧૭૦ ફાંકડો ફીતુર

ઉલ્ટું સુલ્ટું દીકરા મ્હારા ચોકઠું ગોઠવી કહાડીએ દામ
કરીએ કંઈ નવા સુધારા પાટીયા ગોઠવી કહાડીએ નામ
કોલ દલાલના હાથો કારા કંબખતીમાં ભીડીયે હામ
ચુકલો મીતો વાજલે બારા ગરદન ઉપર જેલનો ડાહમ
ખુબીથી કર કોઇ કરમ રાખી મુઠીમાં ભરમ
છોડી દુનીયાની શરમ પાલ મવાલીનો ધરમ
મહેનતોનો બદલો ચાર
કુન્ડી પાક નરમ નરમ
એકને બદલે ચાર ચાર
કુન્ડી પાક નરમ નરમ
બાંધો કમર થાવો ગરમ
લઈ બ્રાન્ડી બેવડો રમ
બદલો નહીં મલે કમ
કુન્ડી પાક નરમ નરમ
કરીને લાખના બાર હજાર
કોઈને પ્યાર ને કોઇને માર
પીધરેને ખાવો ચાર
મેથી પાક ગરમ ગરમ

૧૭૧ પૂંકડો ફીતુરી

સાંભળ મ્હારી વાતો જાની મહોબતના મંદીરની
રાની ફીદા થયો દીલદાર (કરૂં હવે કેસ)
આશક થયો હું જાની દુનીયા અકારી માની
(બેસીજે મારી થા ઠાર)
મહારા મોહબતના પુલ ગોલ પાપડી જેવી ગુલ
તું બને મહારી મહોરદાર
મહારી મહોબતનો ભરમ ખાઉચ બાપના કસમ
ગુલે ગુલાબી ગુલનો હાર
ઓહુ સમજી વા ઇરચમજી
છેઓ નમુનેદાર
આય પેટન્ટ પીયારનો કરૂ બેડો પારકે
વાગે તમારા બારે

૧૭૨ ફીતુરી ફાંકડો

ત્હારી હલ્ક ગાડી હાંકોરે મેહેરામણુ ગાડીવાલા
ત્હારી મધરે ગાડી હાંકોરે સોદાગર ગાડીવાલા
અસ્મદ્ઘર ગાડી હાંકોરે રૂસ્તમજી ડાડીવાલા
નીપામા ગાડી હાંકોરે તાડીવાલા
ઘોડા છુટા થાનસે પીછે પડી પુકાર
દસ દરવાજા બંદ હુવા અઓર નીકલ ગયા અસવાર
રૂસ્તમ નાઠા જેલથી હાં પીછે પડી છે બુમ
ગુલ માટે સાધુ બની આંય ભેસની પકડી દુમ
ગંગા કીનારે ઘર કરો નાહવો નીરમલ નીર
આપ્યા વીના શુ પામીયેરે કહે ગયો દાસ કબીર
દરીયા કીનારે હોટલ કહાડો હાં પીવો બ્રાન્ડી બીર
લીધું તેનું નહીં આપીયેરે કહી ગયા બમનુ ફકીર

૧૭૩ દુખીઆરી

એજ્યુકેટેડ વાઇફ કે ઘો ઘો પીના પાઉં
પીછે પીછે હસબન્ડ ફીરે જોરૂ ફીરે જીસ ગાઉ
આઓ મેરી બ્યુટીકે મતવાલે કાહે ખફા હોકે હો બદગુમાન
ફીતરત તુમ નાહી કરો ખસમ નહી બહેરા હું મએ
જનટલ બન જાવો લવ દીખાવો ડારલીંગ
મેડ હમ હો ગએ ગમ જોસે તુમહારે મેડમ
તુમસી બીગડા કો તો અલ્લાહ સંવારે મેડમ

૧૭૪ દુખીઆ

સબહી સહાય સબલકે દુરબલકે ન સહાય
પવન જગાવત આગકો દીપહી દેત બુઝાય
ધીરજ રાખોરે દુખીઆરી કહાંતક અશ્કબારી
જુઠી પીતપે કાહે જાન એહ નીસારીઆ
છોડ છોડ ધ્યાન પ્યારી ન કર આહો જારીઆં
કલી એહ ખીલને ન પાઈથી બાગબાં આયા
ઉડાને પએરહને ગુલકી ધજીઆ આયા
ન ઉડને પાએ કે સઈયાદ નાગહા આયા
ગીરાને બરક જફા સૂએ આશીયા આયા
બહાર આનેકોથી મઓસમે ખીજા આયા

૧૭૫ પ્રભાત

ઊઠ પ્રભાત સમરીયે શ્રીગણેશ દેવા
માતા જાનકી પારવતી પીતા શભુ દેવા -ઉઠ--ટેક
એક દત દયાવંત ચાર ભુજ ધારી,
મળશાકે સીંદુર સોહે મુશકકી અશવારી—ઉઠ
અડનેકુ પાન પુલ ખાનેકુ મેવા
સકળ શ્રેષ્ટી તુમકું રટત શકર મહાદેવા—ઉઠ
સગ સીદ્ધી બુદ્ધી રીધ્ધી ચમર નીત્ય કરે.
વાકો નામ નીત્ય લીજે વીઘ્ન સરવે હરે—ઉઠ
કનક થાલ મુકત માલ જાન સહુ વારી,
તાનસેન ગજાનંદ ગાવત સુખકારી—ઉઠ.

૧૭૬ પ્રભાત

પઢોરે પોપટ રાજા રામના સતી સીતા પઢાવે—પઢોરે
પાસે બંધાવી પાંજરૂં મુખે રામ જપાવે,
પોપટ તારે કારણે લીલા વાંસ વઢાવું
તેનું ઘડાવું પોપટ પાંજરૂં હીરા રત્ને જડાવું—પઢો
સાકરના કરી ચુરમાં ઉપર ઘી પીરસાવું,
મુખેથી રામ નામ નીત્ય ઊઠીને જપાવુ— પઢોરે
પાંખ પીળીને પગ પાંડુરા કોટે કાંઠળો કાળો
નરશઈના સ્વામીને ભજો રાગતાણી રૂપાળો—પઢોરે

૧૭૭ દુખીઆ

ગોરી શકલ ઓર કાલી ચમડીયા એકહી કુદરતકી બનવઇયા
ગોરી શકલકો મોટર ગાડી પએદલ કાલી રાહ ચલઇયા
ગોરી પીએ લીંબુ ઓર સુંડવા કાલી પાનો ભરે જાતલઉયા
ગોરી પીયનવા પર કરે ટન ટન કાલી ડુમરવા પર નચવઇયા
ગોરી ઓઢે શાલ દુશલીયાં કાલીકે સરપર હય દુલઇયા
ગોરી ખાએ અલવા ઉબલા કાલાકે ઘર સાગ ચુલઇયા
કાલી પીવત છાછ બીચારી ગોરી ખાવત દુધ મલઇયા
કાલી મખીચા સરદીકી મારો ગોરી ડસતી બનકે તતઇયા
રામ બચાએ ગોરી બલાસે નીત માગત અંગરેજી માઠઇયા
રસોઇયા ખીલાઇયા ફોડલીયા બજાઇયા
બરાંડી મ ગાઇયા ગટરમેં સુલઇયા

૧૭૮ દુખીયા

ધોતી પજામા ઓર પતલુન, એહ સારે તેરે હુએ મઝનુન
લે લેકે બોસે ગુના ગુન
કરેંહેગે આફીસ ખુના ખુન;
શટ અપ યુ પુલીશ ડોંકી
ઘે સીમ ટુ મી ઓલ મંકીજ
હીંમત હુએ કયા ઊનમેં
લે લો છુરી એ મેડમ તુમ
કાટો કોસોંકે કાનો । જવાનકો લો ઇસ્મે કામ
સબ હુએ ગુલામ મેરે બેદામ કરેગે કયા કલામ

૧૭૯ દુખીયા

સાવરીયા નજરીયા કાહે ફેરો જાય મોસે
જોબનકે ગુલશનકે મજે લુટો બાર બાર
સીખક ગવનકો છોડા ફેશનકો
ચટક મટકસે મય બાજ આઇ સાજના
બનો પ્યારી દેસી નારી પહના સારી ચોલી ભારી
બાવકારી હોવે સારી હમારી દીલબર પ્યારી
નેટીવ ફેશ કી હો બ્યુટી તુમ
તાબેદારી તેરી સારી ગમ ગુસારી શરમ સારી
કરૂંગી કરૂંગી તેરે ચરનોકો સાજના

૧૮૦ ભરવી.

તારૂણી તુજથી નથીરે જુદાઈ, શશી વદની સુખ પામું હું આંહી.
વદન મનોહર તારૂ લલીતા, સઉરંભ અંગ જઘન સુખદાઈ—શ૦
ભ્રીકુટી વાક્રમ સ્મીત અતી વીક્રમ નીરખી પ્રીયા ભુલુ સરવેરે કાંઈ
ત્રણુસો સાઠ ત્યાગી તુજનેરે તુજ વીણુ મુજ ક્ષણકલ્પ સમજાઈ.

૧૮૧ લીલાવતી

અવર મદન અલબેલો આતો દીસે અવર મદન અલબેલો—આ૦
શરદપુનમના સુધાકર સરખો આજ નગરમાં ઉગેલો—આ૦
મનોહર કસ્તુરીયા મૃગ માફક જોઊં ઝરૂખે ઝુકેલો—આ૦
હુ નારભાગી નાથે તજી મને વેસ્યા અગાશે વસેલો—આ૦
ધન ગણીકા ધરણી તલ તુજને પ્રીય કરયો મમ પરણેલો—આ૦
ચદ્રચકોર મધુર મેઘ સમ મુજ મન રંગ રહેલો —આ૦
મદંધારા વેશે નહીં જાણે મમ છળ છેલ છબીલો—આ૦

૧૮૨ મોહીની

અરે હુ મસ્તાન પ્રેમની, મને કોઈ ન છેડોરે—કોઈ
લાચાર હુ બાચારી છુ શીદ લ્યોછો કેડોરે,
જુવાનીથી દીવાનીછુ મારો છે ડો છેડે રે—છોલ
પ્રાણુ દાન છે પ્રીતમા પુર્છા કરજો પ્રીત,
પ્રાણુ દાન તો સ્હેલ છે ડહ્યુ પ્રીતની રીત.
આધાર તું કીરતાર મારો પા- ડોડોરે.

૧૮૩ વી૦ ચ૦

મને સહાય કરશે મોરારીરે, વ્હારે ચડસે ગોવરધન ધ.રી
અહલ્યા ઉગારી મીરાબાઇ તારી, એની ચીતા કરીશ નહી મારી.
મજારી બચ્ચાને બળતા ઉગારી, મોક્ષ દીધો ગજેંદ્રને તારી,
દરોપદીના ચીર પુરયા થાશે તે સાહયકારી—મને

૧૮૪ વી૦ ચ૦

એ——માથે મટુંકી લઇ જઉ
પ્યારા લ્હેરીલાલાને દુધલડાં પાઉં—એ૦
હું ગોવાલણુ નાની નારી, પ્યારો મારો છે વીહારી,

૧૮૫ વી૦ ચ૦

કોઈ દુધ લ્યો દીલરંગી,
સોખીલા શાણ્યાં ઉમગી—હો-કોઈ
....
કેફી પીયે કંસુબલો ગાંજો પીયે અબુધ
દારૂતો દીવાના પીયે દાના પીયે દુધ—હાં—કોઈ
એક અમી રશ દેવનો બીજો રશ છે પ્રેમ
ત્રીજો રશ ગે.રસ ભલો પાધે કાયા હેમ—હાં—કોઇ
ગોરી ગવરી ગાયના ગોરા મારા દુધ,
હું પણ ગોરી ગોરડી ગોરૂં દીલ છે શુધ્ધ—હાં—કોઇ
... ...
હેમ કટોરો હાથમા માંહી અમૃત સાર
ચતુર હોય તે ચીતવે ગુણ સમજે ન ગમાર—હાં—કોઈ

૧૮૬ વી૦ ચ૦

મને રોકોના રસીલા છેલા મુકોને હાથ
મારો હુકો ના છમીલા વ્હેલા મુકોને હાથ
લ્હેરે ઝુકો અલબેલા ઘેલાં અવુ સઘાથ
મુકો કેડો—લાગો નેડો—છોડો છેડો
સાથે તેડ—ભોળી નારી કામણગારી
હું તો હારી—વાહરે પ્યારી - રોકોના

૧૮૭ વી૦ ચ૦

નેણમાં નીંદરા ન આવે જરી
મારો રામ ગયા વનવાસરે—નેણમાં૦
હંસ વીના મારા સરોવર સુનારે
વાઘ વીનાની વન વાટ રે—નેણમાં
પંખી વીનાનાં મારાં પાંજર સુનારે
મદીરો સુનાં સીતારામરે—નેણમાં

૧૮૮ રાગ દેશ દાદરો

રે એ ગોવીંદ રાકો ચરન અબતો જીવન હારે
નીર ભરન દીન ગઈ સો ધુકે કીનારે
હાથ પકડ લેત જાત મોહે મજ ધારે—રે એ

૧૮૯ ધી૦ મ૦

હાલો વ્હાલો લાલા મારા બાળા,
કુંવર મારા કાલા ઝુલોને આનંદમાં
લાગે મુખડું વહાલે હાસ્ય આનંદ મંદમાં
રહો માના વીસામાં ચમનમાં
હસતા સુમતાં વ્હાલાઓના વદનમાં
હાલો મ્હાલો મામાના ભુવનમાં
ઓછું આણે રખે રાજ મનમાં.
જઈશું થોડા દીનમાં વતનમાં બુલંદમાં—હા૦

૧૯૦ ભજન

પ્રેમ ભીક્ષા લાના બાળા ગુરૂને મંગાઈ,
ગુરૂને મંગાઈ બાળા ગુરૂને મંગાઈ—પ્રેમ૦
પહેલી ભીક્ષા જળ ભર લાના. કુવા બાવડી પાસ ન જાના
નદી તળાવકે છોડકે લાના, તુંબડી ભર કે લાના બાળા—ગુ૦
દુસરી ભીક્ષા લકડી લાના, બન ખંડી કે પાસ ન જાના
લીલી સુકી છોડકે લાના. દુના ભરકે લાના બાળા—ગુરૂ૦
તીસરી ભીક્ષા આટા લાના, ગામ બસ્તી કે પાસ ન જાના,
માબાપકુ છોડકે લાના, ઝોલી ભરકે લાના બાળા—ગુરૂ૦
ચોથી ભીક્ષા દરશન લાના, કાઝી બમન પાસ ન જાના,
જોગી ફકી કુ છોડકે લાના નયના ભરકે લાના બાળા—ગુરૂ૦
ચોર નગર સુલતાન દીવાના, ભીક્ષા માગન કીસ ઘર જાના,
ઘટકે મઠમેં ગુરૂકુ સમજાના, એહી ધ્યાન લાના બાળા—ગુરૂ૦

૧૯૧ અલીબાબા

સારી પયસેકી બહાર, પયસેસે કારોબાર
પયસેકા પ્યાર, પયસેસે યર ગાર તાબેદાર
ગર હો કોઈ ચમાર. યા હો કોઇ કુમાર
પયસે હો ચારતો બેશુમાર કહેલાએ ઈજ્જતદાર
પયસેકી સબકો ચાહ મોહતાજ હો યા શાહ
પયસા, પયસા, પયસેકા વાહ વાહ
કેઈ પયસેકા મજુર કૈ કે હયે જાજરૂર
કહે ઉમકો દુર સબ બેકુસુર દુર બેશઉર
ધોબી હો યા હજામ, પર હે વે પાસ દામ
સબ ખાસો આમ, સઓ સઓ સલામ ઝુકઝુક કરે સુદામ

૧૯૨ — ભજન

જેસલ કરી લે વીચાર, માથે જમ કેરો માર.
સ્વપ્ના જેવો છે સંસાર, તોળી રાણી કરે છે પોકાર
આવોને જેસલરાય, પ્રેમ થકી આપણ મળીએ,
પુરા સાધ્યા હોય ત્યાં જઈ ભળીએરેજી
આ ભવ આવ્યો અવતાર, માથે મત ગુરૂ ધાર,
જાવું ધણીને દુવાર, બેલડી ઉતારો ભવપાર—આવો૦
ચાંદો સુરજ વસેછે આકાશ, નવલખ તારા એની પાસ
પવન પાણીનો પ્રકાશ. સહુ લોક કરે તેની આશ—આવો૦
ગુરૂના ગણનો નહીં પાર, ભકતી છે ખાંડા ધાર
નુગરા શું જાણે સંસાર, એનો એળે ગયો અવતાર—આવો૦
છીપુ સમુદ્રમાં થાય, કાકી ધન્યરે કમાય,
સ્વાંતીના મેહુલા વરસાય, ત્યાંતો સાચા મોતી થાય—આવો૦
મોતી એરણમાં એરાય, માથે ઘણ કેરો ઘાયે,
ફુટ ફટકીયાં કે'વાય સાચાનીતો ખરે ખબરૂ થાય—આવો૦
જીવની ગતી ગુરૂની પાસ, કેવી કસ્તુરીની બાસ,
તોળી રાણી તેજના અંબાડ, સેવકોની લેવા આવે લાજ—આવો૦
નવલખ કોથળીયું બંધાય, તે તો ગાંધીડા કેવાય,
હીરા માણેક હાટે વેચાય, તે તો મુલે મોંઘા થાય—આવો૦
નીત્ય ઉઠી નાવાને જાય, કોયલા ઉજલા ન થાય,
ગુણકાનો બેટો બાપ કોને કેવા જાય, માવડા મેએ કણ ન વેડાય
દેખી દેખી કરવાને જાય, એતો અધુરી કેવાય,
હાથમાં દીવો લઇ કુવે પડવા જાય,
ચાર જુગની વાણી વળી રાણી ગાય—આવો૦

૧૯૩ નવલશા

લગ જાયગી મહારાજા નજરીયા મહારાજા નજરીયા—લગ
મેરે સનમ જાની બાંકી ટોપી મત પહોરો
દીલદાર જાની ખુલ્લો રખો મત સેથો-નજરીઆ
મેરે સનમ જાની દ્રગમે સુરમા મત ડાલો,
દીલદાર જાની ટેડીઓ ચાલ મત ચાલો—નજરીઆ

૧૯૪ ભજન

બંગલા ખુબ બના મહારાજ, જયાંમે નારાયણ બોલે,
ઇશ બંગલેમે દશ દરવાજા, બીન પવનકા થંભ
આવન જાવન કોઇ નવ દેખે, એહી બડા અચંબા,
ઇસ બંગલેમે બાજા બાજે, બાજે સાંજ સવેરી,
તાલ પખાજ ઓર મરદંગ બાજે, રાગ છત્રીસેં ગાવે—બંગલા૦
હાડ ચામકી દેહ બનાઈ, તામે નાડીકા કોટ
બાજીગર ખેલ મચાયા, રંગ ખુબ ચડાયા—બંગલા૦
પાંચ પચીએક પાતર નાચે, મનુવા તાલ બજાવે,
સુરતકી નુરતકી મરદંગ બાજે, રાગ છત્રીસે ગાવે—બંગલા૦
રોમ રોમકી છાંય બીછાઇ, ત્રણ ગુણુકા ગાલા,
કહેત કબીર સુનો ભાઇ સાધુ, ચેતન સુનવા વાલા-બંગલા૦

૧૯૫ ભજન

કળીજુગતો આવ્યોરે દુનીયામાથી ઘટી દયા,
મોટા મોટા માજનેરે, લક્ષાપતી લોભી થયા,
ધરતીમાંથી ધરમ ગયુરે. પાપનું બંધ્યું પુર,
પરજનતો પાંગળા થઇને, વરસે, મેહના થઈ ચકચુર,
ધરતીએ રસ ચોરયારે, વાવ્યા કણો વણુની ગયા—ક૦
શુરાનુ શુરાપણું ગયું ગયુ સતીનુ મન,
વેદી ભેદી પંડીત પુરાણી, સહની મટી ગઈ મત,
કળજુગનું એવુ કારણરે, લોભમાં લાગી રહ્યા-કળીજુગ૦
પ્રથ્વીમાં પાખંડ પુજાશે, વીપ્ર કરે વેહેપાર,
સન્યાસી ધન સંચરવા લાગા, પતીવ્રતા નહીં નાર,
સત્ય ના જડે શોધ્યુંરે, અસત્યના ઓઘ થયા-કળીજુગ
છત્રપતીતો વાચા ન ચુકે,-તે દુખ કોને કહેવાય,
કથાતો કુપાત્રની સુણશે, પ્રસનતો ગરોડાને પુછાય,
દાસ ધીરો કહેછેરે, અજ્ઞાની તે તો અંધ થયા-કળી૦

૧૯૬ નવલશા

ઘરની શોભાછે ઘરવાળી, નરને શાંતી સદા દેનારો—ઘર
નારી વીનાના નર અરધા ધરમ કરમ વયવહારી
સસારે સ્વરગે સોહાએ, જે નરને ઘર નારી—ઘરની
મગળ સ્વરૂપા મંગળનામી, મંગળમય કરનારી
જે ઘરમાં નારી પુજાએ, તે ઘરનો બલીહારી—ઘરની

૧૯૭ ભજન

હું તો ભુલી મારા મનડા કેરો હાર, જમનાને કાંઠે—હો સખી૦
એક એક મોતી મેરો લાખ ટકેકો—અરે હાં
તેનો ઘડાવ્યો નવસરે. હાર, વાલમજી હુનો ભુલી મારા મનડા કેરો
જમનાને કાંઠે વ્હાલે રાસ રચ્યોરે—અરે હાં
તેમાં ગુમાવ્યો નવસરો હાર—વાલમજી હું તો ભુલી મારા મોતી૦
સાસુડી જુઠી મોરી નણંદ હઠીલી—અરે હાં
ન્હાનો દેવડીઓ દે છે ગાલ—જમનાને કાંઠે
વદ્રાવનમાં વહાલે રાસ રચ્યો છે,
સોલસે ગોપીમાં ઘેલો કાનરે—અરે હાં
બ.ઈ મીરા કહેછે પ્રભુ ગીરધરના ગુણ
એને ભજીને થઈછું ન્હાલ-જમનાને કાંઠે

૧૯૮ બોલતો કાગળ

રંગી, આ દુનીયાના રંગીએ રગી તે રંગી બેરગી, દુનીયા દોરંગી
સાગર પાણી શીતલમાં, વડવાનલ તેના તળમાં,
આગ ને પાણી બન્યાં સંગી.
આજે અંગી મનાતા, કાલે ભુજંગી થાતા,
કોણ ભુજંગી કોણ અંગી.
વાયુ જે દીપક ઠારે, આગને એજ વધારે,
પ્રભુની પ્રભુતા એ દે રંગી.

૧૯૯ બોલતો કાગળ

આવો કોઈ વૈદરાજ ઓસડ અજમાવો,
આ લાગી લગન વીસરાવો,
પ્યાલો જે પ્રીતીનો ઝેરી પીવાણો તે,
પાછો કઢાવો યા પચાવો.
કહેછે કોઇ કંઈ કાન કંઈ સાંભળે છે
કંઇ કહેવા જતાં આ જીભથી કંઈ નીકળે છે
જવાનું કય'ય ને આ પાય કયાં આડા વળે છે
થતું નથી કંઇ બીજું પણ ચીતડું ભડભડ બળે છે.
એ છોડાવો લગન, આ મીટાવો અગન, શાંતી લાવો.

૨૦૦ બોલતો કાગળ

હર ફેશનમાં, પોઝીશનમાં, ઓ યસ આઇ એમ બ્યુટીફુલ મેડમ
જે દેખતા તે સહુ કહેતા, ગુડ ડે બાનુ વેલકમ,
મુછાળી મેડમને હરદમ ખુશાલી આહાહા હાહાહ.
આઇગ્લાસ આંખ ઉપર ને માથે વીગ કાળી
અંબ્રેલા લેડી ફેશનની હાથમાં રૂપાળી.
છે લેડી બુટ પગમાં ને વાચ ખીસે ઘાલી,
મોંપર લગાવ્યો પાઉડર ગાલે લગાવી લાલી
(જે દેખતા તે કહેતા જુઓ કાળી મડમ ચાલી)
હુ અલબેલી, નાર નવેલી, સુધરેલી કહેવાઉં, બલીહારી જાઉં.

૨૦૧ બોલતો કાગળ

આશક ખરજુચા જેવા, માશુકનો પૂર દમામ,
ચાહે રાડે કે માંડે, શું અમને તેથી કામ,
જાણે ઘરડી ઘોડાંને પહેરાવી લાલ લગામ
જોડી જુગતી છે એવી, કે જોવા મળશે ગામ
વર લોભ ધરે કન્યાનો, જમવાને માગે જાન
ઘોડાને બદલે ખાંધો, ગીતડાને બદલે કાણુ
અહી માંડવડો મંડાયો, ત્યાં કાષ્ટ ગયા સમશાન,
ચોરીને બદલે ચોકો, ને 'રામ બોલો ભઇ રામ'

૨૦૨ સ૦ ચ૦

શીતલ ચંદ્ર જેવું વદન કાન્તીમાન,
નયન મીચી લે તું શાંતીથી વીરામ,
જાણે જઈ ભેટું એવા ઊમળકા આવે છે,
બોલું કંઇ બોલું ત્યાં તો શરમ દબાવે છે,
કાંઈ કાંઈ અંતર થાય, થાય થાય ના સ્હેવાય
થર થર થર કંપે કાયા, સ્વર થરડાએ છે.
ચાલું ત્યાં ચરણો અન્યોઅન્ય અથડાએ છે.
લાગી લાગી હાં સ્મર લ્હાય લ્હાય લ્હાય અસહાય
જાગોજી જાગો વહાલા નીંદ્રા વીસારી દો,
રાગી થઇ ત્યાગી વહાલા ત્યાગી સમાધી દો,
બળી બળી લાગું હું પાય-પાય પાય ઢાળું વાય.

૨૦૩ બોલતો કાગળ

ક્યાંથી આવી રે તું છટેલી છીનાળ,
કે કકાસ કરવા કાજ તું ખડી,
છાની છાની રે હવે તું શાણી નાર
શું પીછાણુ તને પ્રપંચની પડી
જોઈ તને ચીત્ત ચરરરર, ચરર ભડકે મ્હારૂં બળે
અરે જારે પ્રજાળી હોળી
ચુપ ચુપ અરે જા અરર અરર આ શુ ચપચપ કરે
આવી જોડી મળે નાં ખોળી
થઇ શાણારે લજ્જા મેલીને લોભાયા
ઠીક ફસાણા રે આતો મોહનની છે માયા
વાહ મોહનીઆ વાહ
નફ્ફટ નીકલને
રાંડ તુ ટળને
બસ જા, દુર થા,
હાય હાય હાય
જોવા જેવીરે આજે ખુબ ધમાધમ જાગી
નહીં બંદાની ટ્રીકમાં ખામી, ખુબ થઈ વાહ ખુબ થઈ.

૨૦૪ દેશ ઠુમરી

સુનો તુમ યાર પરદેશી બચન કયેસેં નીમ વેંગે —સુનો
નદીયાં જોરસે બેહતી ખબઇઆં સુજ નહીં પડતી,
પોકારૂં અપને હેમતકું લગાદે ઓ પાર મોરી નઈયાં—સુનો
બાળપન ખેલમેં ખોયા, જુવાની નીદભર સોયા
બુઢાપા દેખકે રોયા ન દુજા આસરા તેરા —સુનો

૨૦૫ બોલતો કાગળ

બચ્ચા કચરા, કંઇ સાવધ થા, બુબખ બુઢઢા ચસકેલ દીસે,
આ ઘનચકર, મોહીની દીપવર, જો મીણુ બની પીગળેલ દીસે
કાંઈ દાળમાં છે કાળું એ નકકી થયું,
શું ખરો છે ભેદ એ તો જાણવું રહયું,
પાસને નાપાસનું દરદ નવું થયું,
શરમ શરમ બુઢાનું હવામાં ઉડી ગયું.

૨૦૬ પરશુરામ

અરે હાંહાં જરા ધીરે ખેંચો ભ્રકુટી કમાન
અરે જાઓ કરો શાને ઘેલી અડપલાં આમ
ધરી ભરકુટી કમાને, ઝેર લા, નયન બાણે
સાંધો સહામે સ્નેહીને સંધાન—
જાણું શું હું બાળાભોળી, કરો શાને આ ઠઠોળી
જાણુ શું હું તીર શું કમાન ?
થઈ ભોળી ને અજાણી, ભરકુટી કમાન તાણી
મોહીની મારે શાં મોહબાણ

૨૦૭ પરશુરામ

મુરખો સસરો મુરખી સાસુ સ્ત્રી પુજન શુ સમજે
બસ તું સામી મુજ મનહરણી, આ અંતરમાં રમજે,
આ શાસ્ત્રી ને આ શાસ્ત્રાણી વાહ ભાઇ વાહ
કેમ ભાઇ કેમ
એમ ભાઈ એમ
આ શાસ્ત્ર પ્રમાણ બન્યું કંઈ નવ સમજાય
ધીરી બાપુડી ધીરી આગળ જો જો કે શું ગોટાળા
હું તો હાય મરૂ શરમાઇ
મુરખો મલ્યો હાય જમાઈ
મુરખો તુને તારો બાપ સસરા
વાહ, વાહ, વાહ, મુરખો

૨૦૮ પરશુરામ

જાઓ જાઓ સલુણા ન સતાવો,
બાળા ન બહીવરાવો જોઇ એકલી એકાંતમાં
આવો આવો સુંદરી ન શરમાઓ,
લઈ લો રંગ લ્હાવો રસીલી ખરી ખાંતમાં
જોબન ગુલાબ ખાલ્યું બે ઘડીનું લાગશે.
નર ભમરજી રસ ચુસી ભાગશે,
કોરે કાષ્ટ તે કળીમાં તન તાપશે,
નર ભમર તો દેહ પ્રાણ આપશે,
તો તો આવો ભેટો સ્નેહે સુજાણ ભમર
ચાલો વ્હાલી મહાલો હવે નારાંતમાં—જાઓ

૨૦૯ સ૦ ચં૦

પાપીનાં મોહડાં કાળા, સતીઆની ઓલખાળા
થન થન કુટીલ મન શુ કરે, તનમન કરી લે તું ભલે,
દોરી છે સહું તુજ, હાથમાં જગનાથના
શું કરે ભલા વૃથા બડાઈ પ્રભુ કરતા, જગધરતા, સંહરતા
અદદલ ઈન્સાફ તેના હાથયાં નાદાન કર ગુમાનના
પાપીની ધારણા થાય અંતે ધુળધાણી
તજ શઠતા, દુરજનતા, મન કરતા, નીષ્ઠુરના

૨૧૦ સ૦ ચં૦

પ્રીતી કરી શું તરછોડી પરદેશી.
હાં છોડી પરદેશી, હાં છોડી પડદે.
ત્યાગી કુમુદ વન ભટકી ઓ ભમરા,
આવ્યો અહીં શુ ફરી દોડી પરદેશી,
હાં દોડી પરદેશી, હાં દોડી પડદે
ઉડીજા, ઉડીજા, પંખી મુસાફર,
રેન રહી છે હવે થોડી પરદેશી,
હાં થોડી પરદેશી, હાં થોડી પડદે

૨૧૧ સ૦ ચં૦

અયસે પાપી નર હોવેંગે કલજુગમે,
પગડી બાંધે પેંચસવારે ઠુમક ઠુમક પાઉ દેગે,
ગલીઓં કે બીચ ફીરે બાવરે, નાર પરાઈ પાપી તકત ફીરેંગે
ભુખે પ્યાસે સાધુ આવે, ચપટી ચુન ન દેગે,
સાલા સસુરા રોજ જમાવે. ભાઈઓસે પાપી રાંડ લડેગે
લાલ સ્થભ લોહેકો ધખાઈ ઉસકે સાથ બંધેગે
તુલસીદાસ ભજો ભગવાના, પાપ પુન્ય દોનો સંગ ચલેંગે.

૨૧૨ સ૦ ચં૦

હું પરણું કદી નહી, પીડા ધરૂં નહી શીરે કદાપી સંસારની,
રહું બાલકુમારી, સદા બ્રહ્મચારી. હુ ભકતી કરૂં વીશ્વાધારની,
પ્રીતીતણા પીંજર વીષે પરવશ થઈ પડવું નહીં,
સંબંધીઓના બંધની બેડીથી તન જડવુ નહીં,
આ નાટકી સંસારની દુગધા મહીં મરવું નહીં,
અમૃત ગણીને વીષય વીષ પીવાનું મન કરવું નહીં.
જુઠાં માયાં અંધેરમાં હું પડું નહીં રહો વાત હ્રદય વીચારની

૨૧૩ રાગ કાનડો-તીતાલા

ઢંગરવા છોડો બૈયાં મોરી
કરકન લાગીરે નાદાન ચુરીયા
દોઉ કરનસે પકડ મરોરી—ઢંગરવા
તુમારે મીલનકો આઇરે પીયરવા
સાસ નંનદકી મય ચોરીરે ચોરી—ઢંગરવા

૨૧૪ રાગ પીલુ બરવો

લગા હય દીલ પ્યારેસે નીબા હોગે તો કયા હોગા
હમારે કલબમે પ્યારે સદા રહોગે તો કયા હોગા—લગ હય
હમીકો ચાહ મીલનેકી મીલાવોગે કયા હોગા
હુસ્ન ચસ્મોકે પ્યાલે ભર પીલાવોગે તો કયા હોગા—લગા હય
જરા દીદાર તુમ અપના દીખાવોગે તો કયા હોગા
હુમ મરતે હય તેરે ગમમે જીલાવોગે તો કયા હોગા—લગા હય
અજબ દીદાર રોશન હય છોપાવોગે તો કયા હોગા
ચમન બીચ આન કર મુખડાં દીખાવોગે તો કયા હોગા—લગા

૨૧૫ રાગ ભુપ કલ્યાણ

છબ સુંદર દીખાયે લીનો મોહે લુભાયે
મોસે મધુર મધુર રસ બતીયાં બનાયે—છબ
બાત કરત મુસકાયે કાયે
ઈત ઉત ચોત વત કછુ ચીત ચુરાયે
અયસો ચચલ મન મેરો હરત ધાય—છબ

૨૧૬ પદ રામકલી

ઉઠ સજન ભોર ભઈ હરી ભજન ગારે,
પશુ પછી જીવજંત સંગ હો પુકારે—ઉઠ૦
ભોર હુઈ ભજત હું પ્રભુ નામ તહારે
સુખ ચેન સોહોવે આજ સુપૂળ દીન પીચારે—ઉઠ૦
કરત હું કરજોડ બીનંતી તેરે દવારે,
દુખ દલાદ્ર સંકટ મેરે પ્રભુ તું નીવારે-ઉઠ૦
જાકો સુભ નામ લેત પાપ ગયે હારે,
સકળ જગત સ્વામી તુને રચ્યો જુગત ભારે—ઉઠ૦
સૂનો જગનાથ કીયે પાપ હયે બપાર,
સાગર ભવ કોન બેહ ઉતર જાઉ પારે—ઉ૦
ફીરોજ અંતર ભજન કરો તોજ પ્રભુ તારે
તન મન સેવા બીજ સદા રહો ન્યારે—ઉઠ

એ ચાંજો ખાસ કરીને યાદ રાખજો.

તંદરૈસ્તીની સંભાળ, અને કરકશર,


પઈસા બચાવવા હોય, તંદરેસ્તી જાળવવી હોયતો સરવેથી

પહેલા તમે

બાદશાહી ચાહને

પસંદગી આપજો.

બાદશાહી ચાહ



સ્વચ્છ ને ઉત્તમ છે. ગરીબ તેમજ શ્રીમતો માટે એક સરખો છે.

બાદશાહી ચાહ અને કાફી નામ પ્રમાણેજ ગુણ દેખાડશે કાંકે તેની સાએ તીજ ઉંચી ચાહનું મીક્ષચર છે.

આ ચાહ અને કાફી એકવાર તમો પીવા માંડશો તો તમો કદીબી બીજી ચાહની અરારો જશોજ નહીં.

જયારે ચાહ ખરીદવા ચાહવો તો ખાસ કરીને કોઇબી મડકેથી બાદશાહીજ ચાહ ખાસ કરીને માંગજો અને તે વાજબી ભાવે તમો ખાતરી માટે ઉંચો માલ મેળવી શકશો.

જથાબંધ ખરીદનારા તથા વેપારીઓ માટે ખાસ સગવડ

☞ આ પ્રસીધ્ધપણુ મેળવી ચુકેલી ચાહનો એકવાર ટેસ્ટ કરશો તો તમે પછી બીજાને પણુ તમે ભલામણો કરશોજ. કાકે આ ઊત્તમ ચાહ નામ પ્રમાણેજ તેના ગુણ દોષમાં પુરવાર થઇ છે.

☞ બહારગામ માટે એજંટો જોઈએ છે.

ઠેકાણું—બાદશાહી ટી અને કાફી ડીપો.

માલેક—એ, ડી. સાકરવાલા,

જકરીઆ મસીદ—મુંબઈ.